# સુરમધુર કલાવૃંદ સંસ્થા, ગાંધીનગર

એમ.૧૦/૧૧૮, શિવમ એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન-૦૭૯૨૩૨૨૫૭૨૬, ૦૯૪૨૬૦૨૨૭૨૬
E-Mail ID - mdsurmadhur@gmail.com Visit – www.surmadhurkalavrund.com

---

## " ધ બેસ્ટ વોઇસ ઓફ મન્નાડે "

### સ્પર્ધા માં ભાગ લેવા માટે ના નિયમો

(૧) આ સ્પર્ધામાં કોઇ પણ ઉંમરના ભાઇઓ ભાગ લઇ શકશે.

(૨) આ સ્પર્ધામાં **ફક્ત મન્નાડેજી ના જ ગીતો** પ્રસ્તુત કરવાના રહેશે.

(3) ફોર્મમાં તમને આવડતાં ત્રણ ગીતો દર્શાવવાના રહેશે.

(૪) એક વ્યક્તિ એકજ ગીત રજૂ કરી શક્શે. પણ જો નિર્ણાયકશ્રી કહેશે તો તમે દર્શાવેલ ત્રણ ગીતો માંથી બીજું ગીત રજૂ કરવાનું રહેશે. અંતિમ સ્પર્ધા માટે તમે આપેલ ત્રણ ગીતોમાંથી અથવા તો નિર્ણાયકશ્રી કે આયોજકશ્રી સૂચવે તે ગીત રજૂ કરવાનું રહેશે.

(૫) જો મન્નાડેજી સાથેનું ડ્યુએટ ગીત પ્રસ્તુત કરવાનું હોય તો સ્ત્રી ગાયક સાથે પ્રસ્તુતિ કરી શકાશે. જેની વ્યવસ્થા આપે સ્વયમ કરવાની રહેશે.

(૬) સ્પર્ધકોની સંખ્યાને અનુસંધાને સ્પર્ધા ૧, ૨ કે 3 તબ્બકા માં કરવી. તે આયોજકશ્રીઓ નક્કી કરશે.

(૭) સ્પર્ધાનું સ્થળ ગાંધીનગર અથવા તો અમદાવાદ ખાતે રહેશે.

(૮) સ્પર્ધામાં ભાગ લેવાની અરજી સાથે એંન્ટ્રી ફી તરીકે રૂ. ૨૦૦/- નો એક **ડીમાંડ ડ્રાફ્ટ " સુરમધુર કલાવૃંદ"** ગાંધીનગર ના નામનો મોકલવાનો રહેશે, અન્યથા સ્પર્ધામાં ભાગ લઇ શકાશે નહીં. આ એન્ટ્રી ફી ફક્ત સ્પર્ધક નિયંત્રણ અને વ્યવસ્થાના હેતુસર રાખવામાં આવેલ છે.

(૯) સ્પર્ધામાં ભાગ લેવા સ્વખર્ચે અને જોખમે આવવાનું રહેશે. આ અંગે આયોજક સંસ્થાની કોઇ પણ જાતની જવાબદારી રહેશે નહી.

(૧૦) અંતિમ સ્પર્ધા માટે પસંદગી પામી, ભાગ લેવા આવનાર દરેક સ્પર્ધક ને સ્પર્ધામાં નિયમ અનુસાર ભાગ લેવા બદલ પોતાના ઘરે થી સ્પર્ધાના સ્થળ સુંધી નુ આવવા-જવાનું સાદી બસ અથવા બીજા વર્ગનુ રેલ્વે ભાડુ સંસ્થા તરફથી ચૂકવવામાં આવશે. ( ટીકીટ સાચવી રાખવા વિનંતી છે)

(૧૧) અરજી પત્રક સાથે બની શકે તો આપના અવાજમાં ગાયેલ મન્નાડેજીના ગીતોની ઓડિયો અથવાતો વીડિયો સીડી અથવા કેસેટ મોકલી આપવા વિનંતી છે. ( આ ફરજીયાત નથી)

(૧૨) **નિર્ણાયકશ્રીઓ નો નિર્ણય આખરી રહેશે જે અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં**

(૧૩) સ્પર્ધામાં વિજેતા માટેની પસંદગી, સૂર,તાલ,લય,ગીતની પસંદગી અને સમગ્ર રજૂઆત પર આધારિત રહેશે .

(૧૪) સ્પર્ધા માટેની પૂર્વ પસંદગી વખતે આપને જરૂર જણાય તો સ્વર અને તાલની સંગતી માટે બે વાદ્યકારો આપના ખર્ચે અને જોખમે લાવી શકાશે, પરંતુ તે માટે આયોજકો ની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૧૫) આપની સાથે ફક્ત એકજ વ્યક્તિને સ્પર્ધા સ્થળે પ્રવેશ આપવામાં આવશે.

(૧૬) **સાચી સ્પર્ધા શિસ્ત વગર ક્યારે પણ શક્ય નથી અને એટલેજ, જરા પણ ગેરશિસ્ત આચરનારને સ્પર્ધામાંથી રદ કરવામાં આવશે. જે અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં.**

(૧૭) આપની કોઇ પણ મુંજવણ માટે ફોર્મ ઉપર દર્શાવેલ ફોન નં ઉપર **શ્રી મયંકભાઇ દવે** નો સંપર્ક કરવા વિનંતી છે.

(૧૯) ફોર્મ **નીચેના સ્થળે** રુબરુમાં અથવા તો ટપાલ કે કોરીયર દ્વારા **તા.૧૫//૦૮/૧૦** સુધીમાં મળી રહે તે રીતે મોકલી આપવા વિનંતી છે.

**તે પછી મળેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.**

**સુરમધુર કલાવૃંદ સંસ્થા, C/O વીણાબેન દવે, "સ્નેહ-રજની" પ્લોટ નં.૧૮૭/૨, સેક્ટર નં.૪-એ,ગાંધીનગર પીન.૩૮૨૦૦૬**

**મેં સ્પર્ધાના બધાજ નિયમો ધ્યાન પૂર્વક વાંચ્યા છે, એની સાથે હું સંમત છું અને હું ભાગ લેવા માગું છું**

**સ્થળ :-** **સહી-**

**તારીખ :-** **નામ-**